**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૬૬ ટકા

# સે-૨ ૨ના ગબ્બર ચોકે માનવ મહેરામણ ઉમટયો

## સતત ૨૯મા વર્ષે સે-૨ ૨ સાર્વજનિક નવરાત્રિ મહોત્સવની લોકપ્રિયતા અકબંધ : પ્રાચીન અને અર્વાચીન ગરબાની ધૂમ

ગાંધીનગર, તા. ૨૪

ચપટી ભરી ચોખાને ઘીનો છે દિવડો... ઘોર અંધારી રે રાતલડીમાં નિસર્યા ચાર અસવાર. આવા મન અને કાન બંનેને સાંભળવા ગમે તેવા પૌરાણિક ગરબા સાથે ગાંધીનગરના સેકટર-૨ ૨ના મેદાનમાં ૨૮ વર્ષથી પરંપરાગત સાર્વજનિક નવરાત્રી મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. આ વર્ષે ૨૯મા વર્ષમાં પ્રવેશ પામનારા આ નવરાત્રિ મહોત્સવની લોકપ્રિયતા હજુ અકબંધ છે અને નવલી નવરાત્રિના ત્રીજા નોરતે હૈયે હેયું દળાય તેટલી ભીડ અત્રેના ચાચર ચોકમાં જોવા મળી હતી. માત્ર ગાંધીનગર જ નહી પરંતુ આસપાસના ગામોના ખેલૈયાઓ પણ અહીં આવીને મન મૂકીને ગરબે ઘુમી રહ્યા છે.

સેકટર-૨ ૨ના વેપારી મિત્રોના પરસ્પર સહયોગ અને અથાગ પરિશ્રમથી સફળતાપૂર્વક ૨૯મા વર્ષમાં પ્રવેશ પામનાર સાર્વજનિક નવરાત્રિ મહોત્સવ એકતાના પ્રતિક સમાન બની રહ્યો છે. વિશાળ મેદાન, આકર્ષક રોશની, વિવાદ-વિખવાદ વિનાનું ભકિતમય વાતાવરણ અને પુરુષો તથા મહિલાઓ માટે ગરબે ઘુમવાના અલગ અલગ ટ્રેક એ સે-૨ ૨ના નવરાત્રિ મહોત્સવની વિશેષતા છે. 'ગબ્બર ચોક' તરીકે ઓળખાતા સેકટર-૨ ૨ના મેઈન શોપીંગ સેન્ટરની સામેના મુખ્ય મેદાનમાં આ મહોત્સવ યોજાય છે.



અત્રે ઉલ્લેખનીય છે કે બાજુમાં જ આવેલ રંગમંચનું હાલ રિનોવેશન કાર્ય ચાલી રહ્યું હોઈ આ વર્ષે સાર્વજનિક ગણેશોત્સવ પણ 'ગબ્બર ચોક'માં જ યોજાયો હતો. સેકટર-૨ ૨માં નવરાત્રિ મહોત્સવમાં ગરબે ઘુમતા ભાવિકોના હૃદયની ભાવના તેમને મા અંબાને પામવાની પ્રતિતિ કરાવે છે જેના કારણે આ શ્રધ્ધાળુઓ ગરબે ઘુમતા ઘુમતા પોકારી ઉઠે છે કે 'માડી તારા મંદિરિયે ઘંટારવ વાગે... બોલો અંબે... જય જય અંબે....'

### ગ્રામ્ય વિસ્તાર સુધી સે-૨ ૨ની લોકપ્રિયતા

સેકટર-૨ ૨માં ૨૯ વર્ષથી સતત યોજાતા પરંપરાગત નવરાત્રિ મહોત્સવમાં કોઈ પણ નાત જાત કે જ્ઞાતિના ભેદભાવ વિના સર્વે ખેલૈયાઓ ગરબા કરી શકે છે. અહીં ગરબા રમવા માટે પરંપરાગત વસ્ત્રોનું ફરજીયાત પણું નથી. આ સાથે વિશાળ મેદાનમાં વચ્ચે સ્થિત માતાજીની માંડવી સુધી પહોંચવા બનાવાયેલ ઓવરબ્રીજ અહીંનું આકર્ષણનું કેન્દ્ર છે. સે-૨ ૨માં ગાંધીનગરના વિવિધ સેકટરો ઉપરાંત કોલવડા, પેથાપુર, આદિવાડા, બોરિજ, ઈન્દ્રોડા એમ વિવિધ ગ્રામ્ય વિસ્તારમાંથી પણ ગરબાના ખેલૈયાઓ તથા ગરબા નિહાળવા પ્રેક્ષકો ઉમટી પડે છે.



નવરાત્રીના ચોથા નોરતે શ્રી જય અંબે પરિવાર, ગાંધીનગરના કાર્યાલય ખાતે 'મા જગદંબા'ની આરાધના-પૂજા અર્ચના સાથે સાથે નવરાત્રીના નવ દિવસની નવ આરાધ્ય દેવીઓના નવ દુર્ગા સ્વરૂપે નવ કુમારીકાઓ અને નવ બટુકોનું પૂજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ગરબા, થાળ અને મહાઆરતી કરવામાં આવી હતી.

# 'શનિવારે' તમામ નવરાત્રિ ગ્રાઉન્ડ 'હાઉસફુલ' બન્યા

## બીજા દિવસે રવિવારની રજા હોવાથી શહેરના ગરબા ગ્રાઉન્ડ પર માનવ મહેરામણ ઉમટયો : ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં નવરાત્રિના ત્રીજા નોરતે શનિવાર હોવાના કારણે તમામ ગરબા મહોત્સવ 'હાઉસફુલ' જોવા મળ્યા હતા. એટલું જ નહી શહેરના પાર્ટી પ્લોટના ગરબા મહોત્સવોની આસપાસના વિસ્તારોમાં તથા મુખ્ય માર્ગો પર ટ્રાફિક જામના દૃશ્યો સાથે કયાંક નાની મોટી ટકકર સર્જાવા અને તું તું મૈં મૈં સાથે ચકમક ઝરવાના બનાવો પણ બન્યા.

પાટનગરમાં સરકારી કર્મચારીઓની સંખ્યા મોટા પ્રમાણમાં હોવાને કારણે નવરાત્રિના ઉજાગરા પછી બીજા દિવસે સવારે વહેલા ઉઠવાની ચિંતા ના સતાવે તથા દિવસભર આરામ પણ મળી રહે તે હેતુથી 'શનિવારે' શહેરના શેરી ગરબાઓથી માંડીને ખાનગી પાર્ટી પ્લોટ તમામ સ્થળે માનવ મેદની ઉમટી પડી હતી. શાળાઓમાં પણ બીજા દિવસે રવિવારની રજા હોવાને કારણે નગરજનોએ પરિવાર સહિત રાસ ગરબાની મોજ મુન મુકીને માણવાનું પસંદ કર્યું હતું. વળી, ગાંધીનગરથી નજીક આવેલા અમદાવાદના રીંગ રોડ આસપાસના વિસ્તારોમાંથી ગરબા પ્રેમીઓ ગાંધીનગરના ગરબા માણવા ઉમટી પડયા હતા. આ ઉપરાંત દહેગામ, માણસા, ચિલોડા, વિજાપુરથી માંડીને હિંમતનગર, મહેસાણા અને કપડવંજ સુધીના સ્થળોએથી પણ અનેક ગરબા રસિકો અહીં ઉમટી પડતા શહેરના તમામ નવરાત્રિ મહોત્સવો પર હૈયે હૈયું દળાય તેટલી ભીડ જામી હતી. આ સાથે શહેરમાં ટ્રાફિકજામ અને માર્ગો પર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી.

# ગાંધીનગરમાં ગુજરાત વેટેનરી કાઉન્સીલનો સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૪

રાજયના પશુચિકિત્સકોમાં તાંત્રિક કૌશલ્ય અને જ્ઞાનનો વધારો થાય તેમજ ગુજરાતના શ્રેષ્ઠ પશુધનનું સંરક્ષણ અને સંવર્ધન થાય તે માટે ગુજરાત વેટેનરી કાઉન્સીલનો સેમિનાર ગાંધીનગરમાં યોજાયો હતો.

ભારત સરકારના પશુપાલન વિભાગના કમિશનર શ્રી ડૉ. સુરેશ હોન્નાપાગોલે અધ્યક્ષસ્થાનેથી સંબોધતા જણાવ્યું હતું કે, રાજયના પશુચિકિત્સકોને પશુઓ અને મરઘાઓમાં થતાં નવા અને ચેપી રોગ અંગે આધુનિક જાણકારી અને તેના વ્યાપક પ્રચાર-પ્રસાર તેમજ જાગૃતિ અંગે આવા સેમિનારનું આયોજન અતિ મહત્વનું છે. અન્ય રાજયોની સરખામણીએ પશુધન ક્ષેત્રે ગુજરાત સૌથી સમૃધ્ધ છે. રાજયભરમાંથી અંદાજે ૭૦૦ જેટલા પશુચિકિત્સકોને તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતના પશુપાલકો અને પશુચિકિત્સકોની ટીમ ખૂબ સુંદર કામગીરી કરે છે. પશુ આરોગ્ય ક્ષેત્રે આંતર માળખાકીય સુવિધાઓ ખૂબ જ સક્ષમ છે. તેમણે પારદર્શિતા અને રીપોર્ટીંગ પધ્ધતિનું મહત્વ સમજાવી વ્યાપક સ્તરે પશુઓમાં નવા રોગો અને ચેપી તથા જીવલેણ રોગ અંગે વ્યાપક પ્રચાર-પ્રસાર અને ગ્રામ્ય સ્તરે જાગૃતિ




અભિયાનો વધુ તેજ બનાવવા જણાવ્યુ હતું.

ગુજરાત વેટેનરી કાઉન્સીલના ઉપપ્રમુખ શ્રી ડૉ. આર.એસ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું. ગુજરાત વેટેનરી કાઉન્સીલના પ્રમુખ ડૉ. એ.જે. કાછીઆ પટેલે જણાવ્યું હતું કે, રાજયના પશુચિકિત્સકોમાં તાંત્રિક કૌશલ્યનો વધારો થાય અને જાહેર આરોગ્યમાં તેઓ નોંધપાત્ર યોગદાન આપે તે માટે આ સેમિનારનું ખૂબ જ મહત્વ છે. ભવિષ્યના પશુરોગોના પડકારોને પહોંચી વળવા રાજયના પશુ ચિકિત્સકોની ટીમ સક્ષમ છે.

ઉત્તર પ્રદેશ બાગાયત ડાયરેકટર શ્રી ડૉ. પ્રવિણ મલિકે ઘોડા-ગધેડાને થતાં ચેપી અને પ્રાણઘાતક રોગ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યુંહતું. પુનાના વૈજ્ઞાનિક રીમા સહાય અને ભોપાલના સીનીયર વૈજ્ઞાનિક ડૉ. એસ નાગરાજને બર્ડ ફલ્યુ, ઈન્ફલ્યુએન્ઝા, ઝીકા વાયરસ અને લેપ્ટોસોયરાસીસ રોગ અંગે પ્રેઝેન્ટેશન દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. પશુધનમાં ઉભરાતા અને ફરી ઉભરતા ચેપી રોગ અને જીવલેણ રોગ તથા પશુ રોગશાસ્ત્ર અને ચેપી રોગના નિયંત્રણ અંગે ત્વરિત પગલાઓ અને સારવાર અંગે વિસ્તૃત માગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વેટેનરી ક્ષેત્રે ગુજરાતના તજજ્ઞો શ્રી એ.એચ.ઠાકર, શ્રી એન.એચ. કેશવાલા, મહિમા સહાય, જી.પી. જોષી સહિત વિશાળ સંખ્યામાં પશુચિકિત્સકો ઉપસ્થિત રહ્યાં હતાં.

ગુજરાત વેટેનરી કાઉન્સીલના રજીસ્ટ્રાર ડૉ. પી.આર.પટેલે આભારવિધિ કરી હતી.



ગાંધીનગર વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકર્તાઓ દ્વારા થનગનાટ ગરબા ગ્રાઉન્ડ ખાતે ખેલૈયા ભાઈ-બહેનોને તિલક કરીને ગૌ મૂત્રને છંટકાવ કર્યો હતો. આ તિલક અને ગૌ મૂત્ર છંટકાવના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વી.એચ.પી. અને બજરંગદળના કાર્યકરો હાજર રહ્યા હતા.

# ઘરકામ બાબતે ત્રાસ આપતા સાસરીયાઓ સામે ફરિયાદ

## સે-૧ ૩માં રહેતી પરિણીતાએ સાસુ-સસરા, પતિ અને દિયર સામે ફરિયાદ આપી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સે-૧ ૩ ખાતે રહેતી પરિણીતાએ તેના પતિ સહીત ચાર સાસરીયાઓ સામે શારિરીક-માનસિક ત્રાસ આપતા હોવાની પોલિસ ફરિયાદ નોંધાવી છે. ઘરકામ કરવા બાબતે મહેંણા ટોણા મારી ત્રાસ આપતા હોવાની ફરિયાદ આધારે સે-૭ પોલિસે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

સેકટર-૧ ૩-બી પ્લોટ નં. ૮૮૭/૧ ખાતે રહેતી પરિણીતા આશાબેન અનિલભાઈ ઠાકોરે સે-૭ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે કે તેના પતિ અનિલ રણજીતભાઈ ઠાકોર, સસરા રણજીતભાઈ રણછોડભાઈ ઠાકોર, સાસુ હંસાબેન રણજીતભાઈ ઠાકોર અને દિયર સમીર રણજીતભાઈ ઠાકોર મળીને શારિરીક-માનસિક ત્રાસ ગુજારી રહ્યા છે. ઘરકામ કરવા બાબતે મ્હેણાં ટોણાં મારીને શારિરીક-માનસિક ત્રાસ આપતા હોવાની ફરિયાદને આધારે સે-૭ પોલિસે આશાબેનની ફરિયાદ લઈ ચારેય સામે ગુનો દાખલ કરી ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# જમિયતપુરા કેનાલમાંથી યુવાનનો બિનવારસી મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર નજીક જમીયતપુરા નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ પોલિસને ઘટનાની જાણ થતા ટીમ નર્મદા કેનાલ પહોંચી ગઈ હતી અને આશરે ૩૦ થી ૩૫ વર્ષના બિનવારસી યુવાનનો મૃતદેહ બહાર કઢાવી તેની ઓળખ માટે તપાસ શરુ કરી છે. જો કે મોડી સાંજ સુધી મૃતકની ઓળખ થાય તેવા કોઈ પુરાવા મળી આવ્યા ન હતા. મૃતદેહ પી.એમ. કરાવી અડાલજ પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

# સુખ, શાંતિ અને ઈચ્છાપૂર્તિ અર્થે આજે સ્કંદમાતાનું પૂજન

## આજે પાંચમા નોરતે રૂમઝુમ કરતું પર્વ તેના મધ્યાહ્‌ને પહોંચ્યું : ચો-તરફ ભકિત, પૂજન, અર્ચન અને ગરબાનો ધાર્મિક માહોલ

ગાંધીનગર, તા.૨૪

મા જગદંબાનું નવરાત્રી પર્વ આજે પાંચમા દિવસે રૂમઝુમ કરતું તેના મધ્યાહ્‌ને પહોંચી ગયું છે. આદ્યશકિતના વિવિધ સ્વરૂપોના પૂજનમાં ચાર સ્વરૂપોના પૂજન અર્ચન કરી શ્રધ્ધાળુઓ ભકિતમાં ઓતપ્રોત બન્યા છે. જેમાં આજે મા દુર્ગાના પાંચમા સ્વરૂપ સ્કંદમાતાનું પૂજન કરવામાં આવશે. જીવનમાં સુખ શાંતિ અને ઈચ્છાપૂર્તિની કામના અર્થે આ પાંચમા સ્વરૂપનું પૂજન ભકતો માટે અતિ મહત્વનું બને છે.

જગદંબાનું સ્કંદમાતાજીનું સ્વરૂપ મમતામયી છે. માતાજીના ખોળામાં સ્કંદ એટલે કે કાર્તિકેય સ્વામીને લઈને બિરાજમાન આ રૂપ જીવનમાં સુખ, શાંતિ, સ્નેહ, ઈચ્છાપૂર્તિ અને સંવેદનાનું પ્રતિક છે. માતાજીના આ સ્વરૂપનો વર્ણ પૂર્ણરપે શુભ્ર છે. ભગવાન સ્કંદ (કાર્તિકેય) પ્રસિધ્ધ દેવસુર સંગ્રામમાં દેવતાઓના સેનાપતિ બન્યા હતા. જેથી ભગવાન સ્કંદની માતા હોવાના કારણે જગદંબાના આ રૂપનો સ્કંદમાતા તરીકે પૂજવામાં આવે છે કહેવાય છે કે સ્કંદમાતાની પૂજાથી તમામ મનોરથો પૂર્ણ થાય છે. આ દિવસે સાધકનું મન 'વિશુધ્ધ' ચક્રમાં અવસ્થિત હોય છે જેથી માતાજીના આ સ્વરૂપને પૂજવાથી શાંતિ અને સુખનો અનુભવ થાય છે. વળી માતાજીની ઉપાસનાથી બાલરૂપ સ્કંદ ભગવાનની પણ આપોઆપ ઉપાસના થઈ જાય છે. સૂર્ય મંડળની આધિષ્ઠાત્રી દેવી હોવાથી સ્કંદમાતાની પૂજા કરવાવાળા ભકતો અલૌકિક તેજ અને કાંતિથી સંપન્ન બને છે. ચાર ભૂજાધારી સ્કંદમાતા કમળના આસન ઉપર પદમાસનની મુદ્રામાં બિરાજમાન રહે છે. જેથી વિદ્યાવાહીની પણ કહેવાય છે. સિંહ અને મયુર માતાજીના વાહન છે.

સદાય ભકતો ઉપર પોતાનું હેત વરસાવતી રહેતી મા જગદંબાનું પર્વ મંગલકારી છે અને આ પર્વમાં ભકિત થકી માનવ શરીરમાં એક નવી જ ઉર્જાનો સંચાર થાય છે અને તેથી જ મા ભગવતીની આરાધનામાં કસર રહી ન જાય તેની તકેદારી ભકતો રાખતા હોય છે. ગરબા તેમજ પૂજન અર્ચનના ધમધમાટ વચ્ચે હવે હવન અને નૈવેધની તૈયારીઓ પણ થઈ રહી છે. આમ નવરાત્રી પર્વ તેના અંતિમ ચરણો તરફ આગળ વધી રહી છે.



## આઈ લવ માય ગાંધીનગર



**મનહરસિંહ**
**આશાપુરા જલસેવા**

**ગાંધીનગર ગમે**
નયનરમ્ય સુંદરતા, શિક્ષણ, કલા, સંસ્કૃતિની મહેકના કારણે ગાંધીનગર શહેર ગમે છે.

**નગરજનો**
સ્નેહાળ અને સેવાભાવી નગરજનો આ નગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
કડી સર્વ વિશ્વવિદ્યાલય, આર્ષ-અક્ષરધામ, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, ગાંધીનગર સાહિત્ય સભા, જી ઈ કલબ, ગ્રો ફાઉન્ડેશન અને રેડક્રોસ જેવી સંસ્થાની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
સ્વચ્છતા, ટ્રાફિક નિયમન બાબતે પ્રયાસો કરવાની રૂર છે.

**નગર માટે હું કરી શકું**
રોજગાર અને શિક્ષણની સર્વ પ્રકારની સહાય શહેરને આપવા માટે હું તત્પર છું.

## @ગાંધીનગર

**પાંચમુ નોરતું**

● સે-૨ ૨ ગબ્બર ચોક ખાતે રાત્રે ૯.૦૦ કલાકે ઝનકાર ગ્રુપ દ્વારા ગરબાની રમઝટ બોલાવાશે.

● સે-૩-સી શિવ શકિતચોક ખાતે રાત્રે ૮.૩૦ કલાકે કનુ માધવ એન્ડ ગ્રુપ દ્વારા ગરબાની રંગત જામશે.

● સે-૩-ન્યુ નવરાત્રી ચોક ખાતે રાત્રે ૮.૩૦ આર.કે. ગ્રુપ દ્વારા ગરબાની રમઝટ બોલાવાશે.

● કિસાનનગર વસાહત નવરાત્રી મહોત્સવ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે તેજસ્વી બારોટ ઓરકેસ્ટ્રા દ્વારા ગરબાની રંગત જામશે.

● વારાહી પ્રગતિ મંડળ દ્વારા વારાહી ચોક સરઢવ ખાતે રાત્રે ૮ કલાકે ખુશ્બુ મ્યુઝીકલ ગૃપ દ્વારા ગરબાની રંગત જામશે.

● સે-૪ સાર્વજનિક નવરાત્રી મહોત્સવ ખાતે રાત્રે ૯ કલાકે જુગલબંધી ગૃપ દ્વારા ગરબાની રંગત જામશે.

● સે-૧૭ શોપીંગ ખાતે આલાપ ગૃપ દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે ગરબાની રમઝટ જામશે.

● બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ગરબા સ્પર્ધા બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન બ્રહ્મભવન સે-૧૬ ખાતે યોજાશે.

● સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની મહિલા પાંખની માસિક સભા અને નવરાત્રી ગરબા બપોરે ૩ કલાકે મહારાષ્ટ્ર ભવન સે-૨૧ ખાતે યોજાશે.

●●●●●

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો પ્રવિણાબેન પટેલ રાધે ગ્રીન બંગ્લોઝ, બંગલા નં. ૧૦ કુડાસણ ખાતે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન યોજાશે.

● જય બુટ ભવાની આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો બપોરે ૨ થી ૫ કલાકે રશ્મિબેન સોલંકી પ્લોટ નં. ૫૭/૨ ગાંધી મંદિર સામે, સે-૧૪ ખાતે યોજાશે.

## વાતવાતમાં

● શનિવારે ગાંધીનગરના તમામ ગરબા મહોત્સવની આસપાસ ટ્રાફિક જામ સર્જાયો હતો. આ ટ્રાફિક જામના પગલે જે પરિવારો ગરબા જોવા કે ખેલૈયાઓ ગરબા રમવા ઘરેથી મોડા નીકળ્યા હતા તેઓ નવરાત્રિ ચોકમાં વધુ મોડા પડયા હતા.

● સેકટર-૧૧માં બે ખાનગી પાર્ટી પ્લોટના ગરબા મહોત્સવ નજીક નજીક જ હોવાથી રાત્રે ખૂબ ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. શનિવારે સર્જાયેલા ટ્રાફિક જામને પગલે સુમનસીટી કોમ્પ્લેક્ષની આગળ બે વાહનોની ટકકર થવાને કારણે મામલો બીચકયો હતો જેને પોલીસે આવી થાળે પાડયા પછી ટ્રાફિક છુટો થવા પામ્યો હતો.

● શહેરમાં રખડતા ઢોરોનો ત્રાસ એટલી હદે વધી ગયો છે કે વાહનચાલકો માટે જોખમરૂપ બની રહ્યા છે. રવિવારે સાંજે આદિવાડા પાસેના માર્ગ નં. ૭ પર એક સ્કૂટર પર સવાર બે વ્યકિતઓની આડે ગાય આવી જતા સર્જાયેલા અકસ્માતમાં બંનેને ઈજાઓ થતા તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવા પડયા હતા.

## ચિરવિદાય

- સ્વ. તખુજી આજી ઠાકોર, ઉ.વ. ૫૭
- સ્વ. વિમળાબેન માધવસિંહ સોલંકી, ઉ.વ. ૮૮